# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 14-04-2024 Morning : 7.45 to 7.55

Day : Sunday National News

આકાશવાણી સમાચાર **અંકિત પ્રજાપતિ** વાંચે છે.

*************************************************

- દેશ આજે બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરને તેમની 134મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.
- લોકસભાની પહેલા તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર વેગવાન બન્યો. વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ દેશના વિવિધ ભાગમાં રેલીઓ, રોડ-શો વગેરે દ્વારા પ્રચાર કરી રહ્યા છે.
- કોંગ્રેસે ગઈકાલે લોકસભા ચૂંટણી માટે 16 ઉમેદવારોની બીજી યાદી બહાર પાડી છે.
- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન અરજી પર સર્વોચ્ચ અદાલત આવતીકાલે સુનાવણી કરશે.
- એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં અત્યાર સુધી ભારતે કુલ પાંચ ચંદ્રકો જીત્યા છે.
- IPL ક્રિકેટમાં ગઈકાલે રાત્રે મોહાલી ખાતે રાજસ્થાન રોયલે પંજાબ કિંગ્સને ત્રણ વિકેટે હરાવ્યું છે.

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMBEDKAR – JAYANTI-1

દેશ આજે બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરને તેમની 134મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.

આ અવસર રાજ્ય સહિત દેશભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે મુખ્ય સમારોહ નવી દિલ્હી સંસદ ભવન લોન ખાતે યોજાશે જ્યાં તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપપ્રમુખ જગદીપ ધનખરે ડૉ. આંબેડકરની જન્મજયંતિની પૂર્વ સંધ્યાએ લોકોને શુભેચ્છા પાઠવી છે.

એક સંદેશમાં રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, સામાજિક પરિવર્તનના પ્રણેતા અને બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા બાબાસાહેબ આંબેડકરે ન્યાયશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી, અર્થશાસ્ત્રી, સમાજ-સુધારક અને રાજકીય નેતા તરીકે દેશ અને સમાજ માટે અસાધારણ યોગદાન આપ્યું છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે, આજે પણ બંધારણીય પ્રણાલીમાં તેમનો દ્રઢ વિશ્વાસ ભારતીય લોકશાહી અને સુશાસનનો પાયો છે. તેમણે કહ્યું કે, ડૉ. આંબેડકરે પોતાનું સમગ્ર જીવન સમતાવાદી સમાજની સ્થાપના માટે સમર્પિત કર્યું અને દલિત લોકોના ઉત્થાન માટે સંઘર્ષ કર્યો. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ લોકોને ડો. આંબેડકરના આદર્શોને અપનાવવા અને આપણા દેશના સર્વસમાવેશક વિકાસ માટે સામૂહિક રીતે કામ કરવા અપીલ કરી હતી.

ઉપરાષ્ટ્રપતિએ તેમના સંદેશમાં જણાવ્યું હતું કે, ભારતના મહાન સપૂત ડો. આંબેડકર માત્ર ભારતીય બંધારણના ઘડવૈયા જ નહીં પરંતુ સામાજિક ન્યાયના પ્રણેતા પણ હતા. તેમણે ઉમેર્યું હતું કે સામાજિક અસમાનતા અને ભેદભાવ નાબૂદ કરવા માટેના તેમના અવિરત પ્રયાસો પેઢીઓને પ્રેરણા આપતા રહે છે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, તેમણે કાયદાના શાસન, નાગરિક સ્વતંત્રતા, લિંગ સમાનતા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગના સશક્તિકરણને પ્રોત્સાહન આપતા બંધારણીય માળખા દ્વારા સમાનતાવાદી ભારતના નિર્માણ માટે સામાજિક પરિવર્તનની પહેલ કરી હતી. તેમણે લોકોને ડો. આંબેડકર દ્વારા સ્થાપિત આદર્શોને અપનાવવા અને ન્યાયી અને સમાન સમાજના તેમના દ્રષ્ટિકોણ ને સાકાર કરવા માટે કામ કરવા અપીલ કરી હતી.

-------------------------

# ELECTION CAMPAIGNING

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે રાજકીય પક્ષોના નેતાઓએ તેમના ઉમેદવારોને સમર્થન મેળવવાની સાથે પ્રચાર વેગવાન બન્યો છે. વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો દેશમાં અનેક રેલીઓ અને રોડ શો કરી રહ્યા છે.

પ્રથમ તબક્કામાં, 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 લોકસભા બેઠકો સાથે સિક્કિમમાં 32 વિધાનસભા ક્ષેત્રો અને અરુણાચલ પ્રદેશની 60 વિધાનસભા બેઠકો માટે 19મી એપ્રિલે મતદાન થશે.

નાગાલેન્ડમાં ચુમુકેડિમા ખાતે એનડીએની જાહેર રેલીને સંબોધિત કરતી વખતે, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજનીતિની સંસ્કૃતિને બદલીને, તેને પુનઃ વ્યાખ્યાયિત કરી તેની શૈલી અને અભિગમ બદલીને રાજકારણમાં ક્રાંતિ કરી છે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અમિત શાહે કન્યાકુમારી, અલવર અને નોઈડામાં રેલીઓને સંબોધી હતી. તેઓ આજે ભંડારાના સાકોલી ખાતે જાહેર સભાને પણ સંબોધશે.

મહારાષ્ટ્રના ભંડારા-ગોંદિયા લોકસભા મતવિસ્તારના સાકોલી બ્લોકમાં એક જાહેર સભાને સંબોધતા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, બેરોજગારી અને વધતી જતી મોંઘવારી જેવા મુદ્દાઓ મુખ્ય પ્રવાહના મીડિયા દ્વારા બાજુ પર રાખવામાં આવે છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, પ્રધાનમંત્રી મોદી પણ આવા નિર્ણાયક મુદ્દાઓ પર ધ્યાન આપતા નથી. બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ હરિદ્વારમાં જનસભાને સંબોધિત કરી હતી.

-------------------------

# PM-KERALA-MP

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશના નર્મદાપુરમ લોકસભા મતવિસ્તારમાં એક જનસભાને સંબોધશે.

તેવી જ રીતે પ્રધાનમંત્રી તેમની પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં બે જાહેર સભાઓને સંબોધવા માટે રાત્રે કોચી પહોંચશે. આવતીકાલે સવારે, તેઓ NDA ઉમેદવાર, ડૉ ટીએન સરસુના સમર્થનમાં, કુન્નમકુલમ નજીક ચેરુવત્તાની ખાતે જાહેર સભાને સંબોધશે જે અલાથુર અનામત મતવિસ્તાર હેઠળ આવે છે.

બાદમાં, શ્રી મોદી અટ્ટિંગલ જવા રવાના થશે, જ્યાં તેઓ કદ્દકડા ખાતે ક્રિશ્ચિયન કોલેજ મેદાનમાં બીજી સભાને સંબોધશે, જ્યાં ભાજપે વિદેશ રાજ્યમંત્રી વી મુરલીધરનને પક્ષના ઉમેદવાર તરીકે ઉતાર્યા છે.

-------------------------

# PM-KARNATAKA VISIT

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કર્ણાટકની એક દિવસીય મુલાકાતે છે. શ્રી મોદી બપોરે મૈસુરમાં એક જાહેર રેલીને સંબોધશે . ત્યારબાદ મેંગલુરુમાં રોડ શો યોજશે.

મૈસુરમાં તેમના જાહેર સંબોધનમાં મૈસૂર, ચામરાજનગર, મંડ્યા અને હાસન લોકસભા મતવિસ્તારમાંથી પાર્ટી કાર્યકર્તાઓ હાજરી આપશે. મેંગલુરુમાં સાંજે શ્રી નારાયણ ગુરુ સર્કલથી નવભારથ સર્કલ સુધી રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા મેંગલુરુમાં લોકોની સુવિધા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે શહેરમાં વાહનોની અવરજવર માટે વૈકલ્પિક વ્યવસ્થાઓ ગોઠવી છે.

-------------------------

પુલ, અંકિત પ્રજાપતિ

# CONGRESS- LIST

કોંગ્રેસે ગઈકાલે લોકસભા ચૂંટણી માટે 16 ઉમેદવારોની બીજી યાદી બહાર પાડી છે. આ યાદીમાં ગુજરાત માટે ચાર, હિમાચલ પ્રદેશ માટે બે, ચંદીગઢ માટે એક અને ઓડિશા માટે નવ ઉમેદવારોના નામ સામેલ છે.

કોંગ્રેસના સાંસદ મનીષ તિવારી ચંદીગઢ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડશે જ્યારે હિમાચલ પ્રદેશના મંત્રી વિક્રમાદિત્ય સિંહ મંડી બેઠક પરથી ચૂંટણી લડશે જ્યાં ભાજપે કંગના રનૌતને મેદાનમાં ઉતાર્યા છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રીકાંત જૈના ઓડિશાની બાલાસોર બેઠક પરથી ચૂંટણી લડશે.

આ માટે પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા ઉમેદવારોના નામોને મંજૂરી આપવામાં આવી હતી. ગુજરાતમાં વિધાનસભાની આગામી પેટાચૂંટણી માટે કોંગ્રેસે ચાર ઉમેદવારોના નામ પણ જાહેર કર્યા છે.

------------------------

# SC-KEJRIWAL

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન અરજી પર સર્વોચ્ચ અદાલત આવતીકાલે સુનાવણી કરશે.

કથિત દારૂ નીતિ મામલે અમલ બજવણી નિદેશાલય- ED દ્વારા અરવિંદ કેજરીવાલના ધરપકડ કરાઈ હતી, ત્યારથી તેઓ જેલમાં છે. આવતીકાલે ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાની ખંડપીઠ આ કેસની સુનાવણી કરશે. અગાઉ નવમી

એપ્રિલે દિલ્હીની વડી અદાલતે અરવિંદ કેજરીવાલની જામીન અરજી ફગાવી દીધા હતા. આપ નેતા સામે દિલ્હી એક્સાઇઝ પૉલિસી મામલે કથિત રીતે મની લોન્ડ્રીંગના આરોપો છે. 21 માર્ચના રોજ આ કેસમાં ED એ તેમની ધરપકડ કરી હતી. જે બાદ અદાલતે તેમને 15 દિવસ સુધીની ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યા હતા.

-------------------------

# WRESTLING-ASIAN C'SHIP

એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2024ના ત્રીજા દિવસે ભારતે બે ચંદ્રક જીત્યા છે. ભારતીય કુસ્તીબાજ રાધિકાએ ગઈકાલે મહિલાઓની 68 કિ.ગ્રા. શ્રેણીમાં રજત ચંદ્રક જ્યારે શિવાની પવારે મહિલાઓની 50 કિગ્રામાં કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો છે.

રાધિકા સેમિફાઇનલમાં કિર્ગિસ્તાનની ગુલનુરા તાશ્તાન બેકોવા સામે 2-0થી જીત મેળવી ફાઇનલ માટે પસંદ થઈ હતી. જો કે ફાઇનલમાં વર્તમાન વિશ્વ ચેમ્પિયન જાપાનની નોનોકા ઓઝાકીએ રાધિકાને 15-2થી હરાવતા રાધિકાએ રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો.

જ્યારે શિવાની પવારે મહિલાઓના 50 કિગ્રા ક્વૉલિફિકેશન રાઉન્ડમાં કંબોડિયાની સમનાંગ ડીત સામે જીત મેળવી હતી. પરંતુ ત્યારબાદ તેણીને ક્વાર્ટર ફાઇનલમાં ચીનની ઝીકી ફેંગ સામે 4-0થી હારીને કાંસ્ય ચંદ્રકથી સંતોશાવું પડ્યું હતું. ભારતે આ ચેમ્પિયનશિપમાં અત્યાર સુધીમાં પાંચ ચંદ્રકો જીત્યા છે.

-------------------------

# IPL CRICKET

IPL ક્રિકેટમાં ગઈકાલે રાત્રે મોહાલી ખાતે રાજસ્થાન રોયલે પંજાબ કિંગ્સને ત્રણ વિકેટે હરાવ્યું છે. પ્રથમ દાવમાં પંજાબ કિંગ્સે 20 ઓવરમાં 8 વિકેટે 147 રન બનાવ્યા હતા. પંજાબ તરફથી કેશવ મહારાજ અને આવેશ ખાને 2-2 વિકેટ ઝડપી હતી.

148 ના લક્ષ્ય સામે રાજસ્થાને યશસ્વી જયસ્વાલના 39 અને શિમરોન હેટમાયરના અણનમ 27 રનની મદદથી 3 વિકેટે જીત મેળવી હતી. મેચના અંતે શિમરોન હેટમાયરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

આજે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો થશે. મેચ બપોરે 3:30 કલાકે શરૂ થશે.

------------------------

# NATIONAL HUMAN RIGHTS

રાષ્ટ્રીય માનવાધિકાર આયોગે પશ્ચિમ બંગાળમાં સંદેશખાલીની ઘટનામાં તેના તપાસ અહેવાલમાં માનવાધિકાર ઉલ્લંઘનના અનેક મામલાઓનો ઉલ્લેખ કર્યો છે.

કમિશને પોતાના રિપોર્ટમાં પીડિતો પર અત્યાચારની આવી ઘણી ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે, જે દર્શાવે છે કે આ ઘટનાઓને રોકવામાં બેદરકારી દાખવવામાં આવી છે. એવું પણ જોવા મળ્યું હતું કે, સરકારના સમર્થનને કારણે પીડિત પક્ષ ડરના કારણે પોતાનું દુઃખ વ્યક્ત કરી શકતો નથી.

પંચે તેનો તપાસ અહેવાલ પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકને મોકલ્યો છે અને આઠ સપ્તાહની અંદર કાર્યવાહીનો અહેવાલ સુપરત કરવા જણાવ્યું છે. કમિશનની ભલામણોમાં કાયદા અને સત્તાધિકારીઓમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો, સાક્ષીઓનું રક્ષણ, ફરિયાદોનું નિરાકરણ અને કેન્દ્રીય એજન્સીઓ દ્વારા ફરિયાદોની નિષ્પક્ષ તપાસનો સમાવેશ થાય છે.

-------------------------

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગ -IMDએ આજે વરસાદની સૌથી વધુ તીવ્રતા સાથે આવતીકાલ સુધી ઉત્તર-પશ્ચિમ ભારતમાં મધ્યમથી ભારે વાવાઝોડા સહિત વરસાદની આગાહી કરી છે.

IMDએ જણાવ્યું છે કે, આવતીકાલ સુધી જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વાવાઝોડાં, તોફાની પવનો, કરા અને વીજળી સાથે છૂટોછવાયો ભારે વરસાદ થવાની સંભાવના છે. મધ્યપ્રદેશ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને રાજસ્થાનમાં વાવાઝોડાં, વીજળીના ચમકારા અને 40 કિમી પ્રતિ કલાકની ઝડપે તોફાની પવનો સાથે છૂટાછવાયા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

હવામાન વિભાગે કહ્યું છે કે, 16મી એપ્રિલથી 18મી એપ્રિલ સુધી હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

-------------------------